# ઘ-૨ વિસ્તારમાં ખદબદતી ગંદકી

# સ્થાનિક રહિશોના આરોગ્યને ખતરો

## ખુલ્લામાં શૌચક્રિયા અસહ્ય દુર્ગંધથી રોજબરોજ ગૂંગળામણ અનુભવતા રહિશો

ગાંધીનગર, તા. ૪

ઘ-૨ થી ઘ-૩ વિસ્તારમાં ખુલ્લામાં થતી શૌચક્રિયાના લીધે સ્થાનિક રહિશો અસહ્ય દુર્ગંધયુક્ત માહોલમાં ગુંગળામણ અનુભવી રહ્યા છે. તીવ્ર દુર્ગંધના લીધે પસાર થતા રાહદારીઓ પણ મુંઝારો અનુભવતા હોવાનો આક્રોશ પ્રવર્તો છે. ત્યારે સમગ્ર રાજ્યમાં નિર્મળ નગરનો 'મેસેજ' આપવા પાટનગરના પ્રવેશદ્વારથી થોડા નજીકના અંતરે જ ખદબદતી ગંદકી તંત્રની ગુંલબાંગોને બેનકાબ કરતી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

સ્વચ્છ શહેર,સ્વસ્થ શહેર કચરો હટાવો શહેરને રોચક બનાવો સહિત નિર્મળ નગરના સોહામણા સૂત્રો સાથે સુફીયાણી વાતો કરતા તંત્રના અધિકારીઓને નગરના મુખ્યમાર્ગો પર ખદબદતી ગંદકી નજરે ન ચઢે તો કાંઈ નહી પરંતુ પસાર થાય તો મહેસૂસ ચોક્કસ થાયતેવી દયનીય સ્થિતિ છે. 'વર્કર્સ પોઈન્ટ' બની ચુકેલા ઘ-૨ વિસ્તારમાં ખુલ્લામાં થતી શૌચક્રિયા અસહ્ય ગંદકીનું ઉદ્દ્ભવસ્થાન બની છે. ઘ-૨ થી ચ-૩ વિસ્તારમાં રોજબરોજ મજુરવર્ગ ખુલ્લામાં શૌચક્રિયાએ જતા દુર્ગંધયુક્ત માહોલમાં સ્થાનિક રહિશોનું જીવવું મુશ્કેલ બન્યું હોવાનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. માત્ર સ્થાનિક રહિશો જ નહિં પરંતુ આ વિસ્તારમાંથી પસાર થતા પ્રત્યેક રાહદારીને ગંદકીના લીધે ગુંગળામણ અનુભવી પડે તેવી સ્થિતિ છે. સે. ૬-એ વસાહત મંડળના પ્રમુખ કિશન બ્રહ્મભટ્ટે આ અંગે મ્યુનિસિપલ કમિશનરને રજૂઆતમાં જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં કિડીયારાની જેમ ઉભરાતા મજુરો રોજબરોજ ખુલ્લામાં શૌચક્રિયાએ જતા સ્થાનિક રહિશોનુ આરોગ્ય જોખમાયું છે. આ સમસ્યા નિવારવા ત્વરિત અસરથી અનિવાર્ય પગલા લેવા પણ તેમણે રજૂઆતમાં જણાવ્યું છે.

### ગાંધીનગરના કન્હૈયાલાલજી મહારાજ કરશનપુરામાં શિવ મહાપુરાણ કથાનું આજથી રસપાન કરાવશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકાના ટીટોડા ગામની નજીકના કરશનપુરાના સર્વાંગી વિકાસ અને વિશ્વકલ્યાણર્થે ગ્રામજનો દ્વારા સંગીતમય શ્રી શિવમહાપુરાણ કથાનો શુભારંભ તા. ૫ જૂનના રોજ કથાની વ્યાસપીઠ પર સમર્થ કથાકાર અને લોક સાહિત્યકારશ્રી કન્હૈયાલાલજી મહારાજ(ગાંધીનગર) કથાનું રસપાન કરાવશે.

મુખ્ય યજમાનશ્રી લીલાભાઈ દેસાઈના ત્યાંથી પોથીયાત્રાનો પ્રારંભ થશે અને જોગણીમાતાના મંદિરે પહોંચશે. કથાનો પ્રારંભ રાત્રે ૮.૩૦ કલાકે ૧૦૮ શ્રી લખીરામદાસજી મહારાજ (મહંતશ્રી ટીટોડા રામજી મંદિર) દીપ પ્રાગટ્ય કરાવશે. તા. ૧૩ જૂન સુધી આ કથાનો સમય રાત્રે ૮.૩૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધીનો રહેશે. કથા દરમ્યાન ગુજરાતના પ્રસિધ્ધ કલાકારો, સંતો- મહંતો ઉપસ્થિત રહેશે. કથામાં આવતા પ્રસંગો ઉત્સાહપૂર્વક ઉજવાશે. કરશનપુરા ગ્રામજનોએ કથામાં લાભ લેવા જણાવેલ છે.

### પાટનગરના સર્કલોની બિસ્માર હાલત

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં ચાર રસ્તા સુંદર અને આકર્ષક લાગે તેવા સર્કલો બનાવવામાં આવેલ છે. પરંતુ સમય જતાં આ સર્કલોની દુર્દશા ગંદકી, તોડફોડ થયેલ છે.

ખ-૬ ખાતે કરૂણા સર્કલ ખરેખર કરૂણતા ઉપજાવે તેવું થયેલ છે. સહેજપણ કાળજી લેવાતી નથી. રોપાઓ સુકાઈ ગયેલ છે. સર્કલ વેરાન જેવું બનેલ છે.

ખ-૭ સર્કલની પણ કાળજી લેવાતી નથી. જેનું જીવન વીમા કોર્પોરેશન સંભાળ લેવાનું નક્કી કરેલ છે. પરંતુ ગંદકી તથા છોડવાઓ સુકાઈ ગયેલ છે.

આજરીતે ચ-૩ સર્કલ પણ તૂટી ગયેલ છે. જે ગાંધીનગરનું પ્રવેશ દ્વાર સર્કલ ગણી શકાય તેજ સર્કલની બિસ્માર હાલત થવા માંડી છે. મરામતની જરૂરીયાત છે.

ખ-૬ એસ.ટી. બસ સ્ટેન્ડ પરના પતરાં અને બેઠક વ્યવસ્થા તોડી નાખેલ છે. ચોમાસા પહેલાં રીપેરીંગ થાય તેમ આ વિસ્તારના વસાહતીઓની પ્રબળ માગણી છે.

# ખુલ્લી ગટરોની ફરિયાદો નિવારવા તંત્રએ ત્રણસો ઢાંકણ ખરીદ્યાં

## ચોમાસાને અનુલક્ષી તંત્રએ જરૂરી પગલા હાથ ધર્યા

ગાંધીનગર, તા. ૪

શહેરમાં માર્ગ વચાળે ખુલ્લી ગટરલાઈનની ફરિયાદોને ડામવા તંત્ર દ્વારા નવા ત્રણસો ઢાંકણની ખરીદી કરવામાંઆવી છે. આગામી ચોમાસાને ધ્યાને લઈ તંત્ર દ્વારા ખુલ્લી ગટરલાઈન મોતના કુવા સમાન ન બને તે માટે પૂર્વ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જ્યારે વરસાદી પાણીના નિકાલ માટે ગટરના મેઈન હોલની સફાઈ કામગીરી આરંભી દેવાઈ છે.

નગરના મુખ્યમાર્ગો સહિત સેક્ટરોના આંતરિક વિસ્તારોમાં ઘણીવખત ગટરો ખુલ્લી અને ભયજનક હાલતમાં હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. બીજીતરફ ગટરના ઢાંકણની ચોરીના કિસ્સાઓ વધતા તંત્ર માટે પણ આ બાબત શિરદર્દ સમાન બની છે. આવા સંજોગોમાં વરસાદી દિવસો દરમિયાન ખુલ્લી ગટરો ભયજનક પુરવાર ન થાય તે માટે તંત્ર કક્ષાએથી ૩૦૦ જેટલા ઢાંકણનો સ્ટોક રાખવામાં આવ્યો છે. અલબત્ત ગટરોના ઢાંકણ ખુલ્લા હોય તેવા કિસ્સામાં ત્વરિત ફરિયાદનું નિરાકરણ આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગત વર્ષ દરમિયાન પણ 'ગ' માર્ગ પર ખુલ્લી ગટરો અકસ્માતનું કારણ બની હોવાનો જનઆક્રોશ ચરમસીમાએ પહોંચ્યો હતો. વધુમાં વરસાદી દિવસો નજીકમાં છે ત્યારે વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે ગટર લાઈનના મેઈનપોલની સફાઈ પણ હાથ ધરવામાં આવી છે. શહેરના મુખ્યમાર્ગો સહિતના વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવાને અનુલક્ષીને પણ પૂર્વ કામગીરી આરંભી દેવાઈ છે.

### ગેસ પાઈપલાઈન લીકેજ થઈ જતાં નાસભાગ મચી

અમદાવાદ, તા.૪

શહેરના કઠવાડા જીઆઈડીસી ખાતે આજે વહેલી સવારે સીએનજી ગેસની પાઈપલાઈન લીકેજ થતાં ભારે નાસભાગ મચી જવા પામી હતી. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

આજે સવારના ૯ વાગ્યાના સુમારે કઠવાડા જીઆઈડીસી ખાતે રોડ પરથી પસાર થતી સીએનજી ગેસની પાઈપલાઈન અચાનક લીકેજ થઈ ગઈ હતી. જેથી મોટીમાત્રામાં ગેસ ફેલાઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

# કૈલાશ માનસરોવર યાત્રા ૨૦૧૨નાં યાત્રિકોનો શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સેક્ટર-૨૧માં આવેલા વૈજનાથ માલણેશ્વર મહાદેવ મંદિર ખાતે તાજેતરમાં કૈલાશ માનસરોવર સેવા સમિતિ દ્વારા કૈલાશ માનસરોવરની યાત્રાએ જનારા યાત્રિકોનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો.

ગાંધીનગર મહાનગર પાલિકાના યુવા મેયર મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે યોજાનાર શુભેચ્છા સમારોહમાં બાર યાત્રિકોને શુભેચ્છા કીટ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. શુભેચ્છા કીટમાં શ્રીફળ સાકરનો પડો, પૂજાપાની કીટ, દીવી, પોલીથીન બેગ-વોટરપ્રુફ થેલો, મોજા, શિવ ચાલીસા, પ્રાતઃ સ્મરણિકા અને સ્તોત્રો તેમજ યાત્રામાં ઉપયોગી પુસ્તક અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વૈજનાથ માલણેશ્વર મહાદેવના મેનેજીંગ ટ્રસ્ટી ભરતભાઈ પટેલ અને જેઠાભાઈ પટેલે યાત્રિકોને શુભેચ્છા પાઠવી હતી.

ગાંધીનગરના ફિઝીશીયન ડૉ. વિવેક ભાવે, ડૉ. રાજુલકુમાર જોષી અને લુયિન લેબોરેટરીના મેનેજર ઉપેન્દ્રભાઈની ટીમે યાત્રિકોની વિના મુલ્યે તબીબી તપાસ કરી જરુરી માર્ગદર્શન આપ્યું હતું. સમારોહના અંતે એડવોકેટ દશરથભાઈ પટેલ અને પ્રજ્ઞાબેન પટેલે સુરુચિ પ્રસાદની વ્યવસ્થા કરી આપી હતી.

### મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓ ૭મીએ દાંડી કૂચ યાત્રા કાઢશે

ગુજરાત રાજ્ય મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે છેલ્લા ૪૦૭ દિવસથી ચાલતા મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓના આંદોલનનો સરકાર તરફથી યોગ્ય પ્રતિસાદ ન મળતા આ કર્મચારીઓ ૭મી જૂને દાંડીકૂચ યાત્રા કાઢશે. મધ્યાહ્ન ભોજન યોજનામાં કામ કરતા સંચાલકો, રસોઈયા અને મદદનીશો છેલ્લા ૨૭ વર્ષથી ૧૦૦૦ રૂ.ના વેતનમાં નોકરી કરે છે. જેમાં ૬૦ હજાર જેટલી મહિલા કર્મચારીઓ છે. સરકાર સામે લઘુત્તમ વેતન આપવાના સંદર્ભે છેલ્લા ૪૦૭ દિવસથી આંદોલન ઉપર ઉતરેલા કર્મચારીઓ ૭મી જૂન ૨૦૧૨ના રોજ દાંડીકૂચ યાત્રા કાઢશે.

### લાકડિયામાં અજરામર સ્થાનકવાસી જૈનસંઘના કાર્યક્રમો ઉજવાશે

અજરામર સ્થાનકવાસી જૈન સંઘ લાકડિયામાં તા. ૨૧ જૂનના રોજ પૂ. ગચ્છનાયકશ્રી ભાવચંદ્રજી સ્વામી, મુનિશ્રી વિમલચંદ્રજી સ્વામી, ડૉ. ચિંતનચંદ્રજી સ્વામી તથા જૈનમુનિશ્રીઓ ચાતુમાર્સ મંગલનો પ્રવેશ કરશે. તા. ૩ જુલાઈના રોજ ગુરૂ પુર્ણિમાના રોજ ગુરૂભક્તો સાથે ભક્તિસભર કાર્યક્રમો યોજાશે. આચાર્ય ભગવંત પૂજ્ય અજરામજી સ્વામીના સામુહિક અઠ્ઠમ, પર્યુષણ મહાપર્વની આરાધના વગેરે ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

### મતદારોની નોંધણી આઈકાર્ડ મેળવવામાં અમલ શૂન્ય

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદી સુધારણા અભિયાન શરૂ થયેલ છે. પરંતુ ગાંધીનગર તેની શરૂઆત હજુ થઈ તેમ જણાતી નથી. મતદાન કાર્ડમાં રહેલી ભૂલો સુધારવા માટેનું માર્ગદર્શન ડુપ્લીકેટ કાર્ડ માટેનું વ્યવસ્થા છે. ભૂલ ભરેલા કાર્ડ પરત મેળવીને સુધારેલા કાર્ડ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. આ અંગે ચૂંટણી પંચના સ્થાનિક સત્તાવાળાઓ કોઈ ઉલ્લેખ કે સમાચાર પત્રો દ્વારા પણ જાણ કરતાં નથી. ફોટા આપ્યા છતાં આઈકાર્ડ મળતા નથી તો આ કાર્ડ કેવી રીતે વિતરણ થયા અથવા મેળવવા માટે શું વ્યવસ્થા છે. તે વિશે કોઈ સ્પષ્ટતા થતી નથી. કેટલાય યુવાનો ધક્કા ખાય છે. ચૂંટણી પંચ પાટનગરમાં સ્થાનિક સત્તાવાળાઓની નિદ્રામાં ઠંઠોળે તેમ યુવા વર્ગ ઈચ્છી રહ્યો છે.

# મકાન કે ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ભાડે આપતાં માલિકો માટે જાહેરનામું

ગાંધીનગર,તા.૪

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને મોટા શહેરોમાં બનેલ અમુક બનાવથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો ગાંધીનગર જિલ્લાના રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચે તેવી કોશીશ કરી રહ્યા છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતાં હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાના હેતુથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરીને મકાન માલિકો માટે ખાસ સૂચના જારી કરવામાં આવી છે.

સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યકિત જયારે મકાન ભાડે આપે, ઔદ્યોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન કે ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ભાડે આપી શકશે નહિ. ભાડે આપેલ મકાન કે ઔદ્યોગિક વિસ્તારમાં મકાન એકમોની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય, તે અંગેની જરૂરી માહિતી નિયત કોલમમાં ભરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. જે મુજબ (૧) મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયાં વિસ્તારમાં કેટલા બાંધકામ (૨) મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ અને સરનામું (૩) મકાન કયારે ભાડે આપેલ છે, ભાડાની વિગત સાથે કેટલા સમય માટે (૪) કઈ વ્યકિતઓને ભાડે આપેલ છે તેમાં રહેનારા વ્યકિતના પાકા નામ અને સરનામા સાથે (૫) સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ, સરનામું (૬) મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ-સરનામું વગેરે વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. આ હુકમ તા. ૫-૬-૨૦૧૨ થી તા. ૩-૮-૨૦૧૨ સુધી બંને દિવસો સહિત દિવસ ૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ -૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

# આપણો સંબંધ તો માનવતાનો સંબંધ

સાંજ ઢળી ચૂકી હતી. ગાંધીનગરનો એક મસ્ત યુવાન પોતાની મૉટરસાઈકલ પર સવાર થઈને હિંમતનગરથી ગાંધીનગર તરફ આવી રહ્યો હતો. પ્રાંતિજ પાસે ક્રૉસ રોડ આવતાં તેણે બાઈકની ઝડપ ઓછી કરી ને થોડે આગળ જ તેની નજર રસ્તાની નજીક ખાડામાં પડેલી એક સાઈકલ પર પડી. માનવસહજ જિજ્ઞાસાથી તેણે બાઈક એ તરફ લીધું અને ચોંક્યો. સાઈકલની નીચે એક વૃદ્ધ પણ દબાયેલા હતા.

તેણે બાઈક થોભાવીને વૃદ્ધને તપાસ્યા, તેઓ હોશ ગૂમાવી ચૂક્યા હતા. લોહી ખાસ્સું નીકળી ચૂક્યું હતું. યુવાને મદદ માટે આસપાસ નજર દોડાવી પણ ત્યાં કોઈ હતું જ નહીં. એણે એકલાએ જ વૃદ્ધની મદદ કરવાનો નિર્ધાર કર્યો. વૃદ્ધને એણે લાદ્યા પોતાની બાઈક ઉપર અને નાના બાળકને આગળ બેસાડીને વડીલ પકડીને લઈ જાય એમ લઈને પ્રાંતિજના દવાખાને પહોંચ્યો.

પોતાની ફરજના કલાકો પૂર્ણ કરીને તબીબ દવાખાનું છોડવાની તૈયારીમાં જ હતા ને એમણે નવો કૅસ આવેલો જોયો, એ રોકાઈ ગયા ને પડી ગયા વૃદ્ધની સારવારમાં. લોહી ચડાવવાની જરૂર લાગી. એમણે યુવાનને એનું બ્લડગૃપ પૂછ્યું, યુવાનનું બ્લડગૃપ પણ એના જેવું જ હતું - સર્વદાતા ! પોતાની સાથે રક્તદાતા કાર્ડ પણ હતું, જે એણે તબીબને બતાવ્યું.

તબીબે વિલંબ કર્યા વિના એનું રક્ત લીધું ને વૃદ્ધને ચડાવી દીધું. રાત આખી યુવાન ત્યાં જ બેસી રહ્યો. વહેલી સવારે વૃદ્ધ હોશમાં આવતાં એમની પાસેથી એમના ઘરની ભાળ મેળવી દીકરાને જાણ કરી ને દીકરો દોડતો આવી પહોંચ્યો. એને સઘળી વાત કરીને યુવાન ગાંધીનગરના રસ્તે આગળ વધ્યો.

વૃદ્ધના દીકરાએ જતી વખતે પોતાનો રુખો-સૂકો આભાર પણ નહોતો માન્યો એ વાતનું આશ્ચર્ય નહોતું થયું યુવાનને પણ આશ્ચર્ય તો થયું ત્રણ માસ પછી, જ્યારે તેને કૉર્ટનું સમન્સ મળ્યું. કૉર્ટ પહોંચ્યો ત્યારે ખબર પડી કે વૃદ્ધના દીકરાએ એની ઉપર આરોપ લગાવ્યો હતો. પોતાના હિન્દુ બાપને આ મુસ્લિમ યુવાને પૂછ્યા વિના લોહી ચડાવી દીધું હતું ને એનો ધર્મ ભ્રષ્ટ કરવાની કોશિશ કરી હતી એવો આરોપ હતો યુવાન પર. યુવાન તો દંગ થઈ ગયો. શું બોલવું એય એને તો ન સૂઝ્યું.

કેસ જેમની પાસે હતો એ જજને પણ આ ન ગમ્યું. એક માણસ બીજા માણસને લોહી આપે એમાં શેનો ગુનો થાય ? પણ વૃદ્ધના દીકરાની મથરાવટી મૅલી હતી. કૉર્ટની બહાર એણે પોતાનું પોત પ્રકાશ્યું, યુવાનને કહ્યું, '૩૦ હજાર આપી દે તો આ કેસ પાછો ખેંચી લઉં.'

યુવાનનું માથું ફર્યું. એણે કહ્યું, 'હવે તો તું ૩ લાખ ખર્ચી લે. ગુનો સાબિત થશે તો જેલમાં જઈશ. પણ તને એક રૂપિયોય નહીં પરખાવું.'

યુવાનને ટૅન્શન તો થયું, પણ ડગ્યો નહીં. જોકે, કેસ પણ લાંબો ચાલ્યો જ નહીં. કેસમાં મહત્ત્વની જુબાની સારવાર કરનાર ડૉક્ટરની હતી. એમને કેસની જાણ થતાં જ એ આવી ગયા ને બેધડક કૉર્ટમાં કહ્યું, 'હું ધર્મે મુસ્લિમ હોત ને મેં અચાનક આ વૃદ્ધની સારવાર કરી હોત તો શું કૉર્ટ મને પણ સજા કરત ? જેમ ડૉક્ટર તરીકે મારી ફરજ મને ધર્મ જોવા નથી સમજાવતી એમ આ યુવાનની માનવતા પણ સલામને યોગ્ય છે, સજાને નહીં. મેં જોયું છે કે એ કઈ હાલતમાં વૃધ્ધને લઈને મારી પાસે આવ્યો છે. અને અગત્યની વાત - એણે લોહી આપતી વખતે વૃદ્ધનો ધર્મ નહોતો પૂછ્યો. મેંય લોહી લેતી વખતે એનો ધર્મ નહોતો પૂછ્યો. જો એને ગુનેગાર ગણતા હો, તો હુંય ગુનેગાર છું. સજા મનેય આપજો.'

કેસ ન માત્ર પૂરો થઈ ગયો, પણ કૉર્ટે વૃદ્ધના પુત્રને ઠપકો પણ આપ્યો. હાશકારો અનુભવતા સેવાભાવી યુવાને ડૉક્ટરનો આભાર માનતાં પૂછ્યું, 'સાહેબ, તમે તો મને ઓળખતા પણ નથી. પછી તમે કેમ મારી મદદ કરવા દોડી આવ્યા ?' ડૉક્ટરે સ્નેહથી કહ્યું, 'ઓળખતો તો તુંય નહોતો પેલા વૃદ્ધને, પણ તોય તું એમની મદદ કરવા દોડ્યો હતો ને ? બસ એ જ રીતે હું તારી મદદ કરવા દોડ્યો. માનવતા - એ સંબંધ છે આપણી વચ્ચે, ભાઈ !'

**સંબંધ સજાવે જિંદગી**

**હરતાં-ફરતાં સાવ અચાનક**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૨

## તાપમાન

મહત્તમ : ૩૯.૬ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૩૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** રાઉડી રાઠોડ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** રાઉડી રાઠોડ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦,૯.૩૦

**સ્ક્રીન-૩ :** એમઆઈબી- ૩ (હિન્દી) : ૧૧.૧૫

રાઉડી રાઠોડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :** હાઉસફુલ- ૨ : ૧૧.૩૦

વીકી ડોનર : ૨.૩૦

ઈશકઝાદે : ૪.૪૫

રાઉડી રાઠોડ : ૭.૧૫, ૧૦.૦૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** રાઉડી રાઠોડ : ૯.૦૦, ૨.૩૦, ૭.૪૫

મેન ઈન બ્લેક ૩ડી (હિન્દી) : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** રાઉડી રાઠોડ : ૧૦.૧૫,૧.૦૦,૩.૪૫, ૬.૩૦,૯.૧૫

**સ્ક્રીન-૩ :** રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૮.૩૦

ઈશકઝાદે : ૫.૪૫

**સ્ક્રીન-૪ :** રાઉડી રાઠોડ : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

આખા જગતની નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### સામાજિક

- વિશ્વ પર્યાવરણ દિન ઉજવણી નિમિત્તે ગુજરાત પ્રદૂષણ બોર્ડ, ગાંધીનગર અને ગુજરાત ઈકોલોજી મિશન, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સવારે ૮.૦૦ કલાકે ઉદ્યોગ ભવનથી સાયકલ રેલી

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોને લઈને ખર્ચ થઈ શકે છે. વ્યપાર- વ્યવસાયના કાર્યો માટે પ્રવાસનું આયોજન થઈ શકે છે. આર્થિક રોકાણની બાબતમાં વિચારીને આગળ વધવું. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

**વૃષભ :** કોર્ટ- કચેરીના કેસોમાં યોગ્ય સમાધાન મળી શકે છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે. આરોગ્યમાં સુધાર થવાના યોગ છે. પર્યટન આમોદ- પ્રમોદના વિશિષ્ટ યોગ બને છે.

**મિથુન :** સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક :** ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**સિંહ :** સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

**કન્યા :** કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. આપે વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું હિતકારી થઈ શકશે.

**તુલા :** ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યના કાર્યોમાં ગહન શોધના કાર્યો થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે.

**વૃશ્ચિક :** આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થઈ શકે છે.

**ધન :** આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

**મકર :** આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ - કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**કુંભ :** અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

**મીન :** આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

## ચિરવિદાય

- સ્વ. ગંગાબેન છગનભાઈ પટેલ (ઉ. વ.૯૨ ) મુ.પો. ઉનાવા. તા., જિ. ગાંધીનગર
- સ્વ. ગૌરીશંકર રામચંદ્ર પંડ્યા (ઉ. વ. ૮૧ ) પ્લોટ નં. ૧૩૭, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સર્વોદયનગર, સેકટર-૩૦, ગાંધીનગર.